श्री

भारत भामिनी भूषण निती दर्शक

गीतावळी.

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી "આર્ય ધર્મોત્તેજક વિદ્યા પ્રસારક" સભા.

જંબુશર.

આવૃત્તી પહેલી પ્રત ૧૦૦૦

અમદાવાદ
ટંકશાળમાં "યુનિયન" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૦——સને ૧૮૯૪.

કીમત ૦—૨—૦

श्री

भारत भामिनी भूषण निती दर्शक

गीतावळी.

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી "આર્ય ધર્મોતેજક વિદ્યા પ્રસારક" સભા.

જંબુશર.

આવૃતી પહેલી પ્રત ૧૦૦૦

અમદાવાદ

ટંકશાળમાં "યુનિયન" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૦——સને ૧૮૯૪.

કીમત ૦—૨—૦

उपोद्घात.

આધુનિક સમયમાં મધ્યકાળ કરતાં ભારતભૂમિનાં આર્ય રત્નપર વિદ્યાદેવીની સ્હાયતઃ બહુધા અનુકુલ થઇ પડીછે, અને તે નિયમાનુસાર આર્યરત્નો પણ અધિષ્ટાતા દેવીના પૂર્ણ પ્રસાદનો લાભ મેળવવા ચુકતા નથી. પુસ્તક પ્રવાહરૂપી આ દેવીનાં છોરૂ સર્વત્ર યાત્રા કરી રહ્યાંછે. પુરૂષવર્ગને આનંદ આપનાર, નિતી અને ધર્મ સંબંધી વિષયથી ભરપૂર અનંત ગ્રંથ બહાર પડેછે, તદપિ સ્ત્રીજનને લાયક ઘણાજ થોડા ગ્રંથ પ્રગટ થાયછે, અને તેમાં ગીત વગેરેમાં ગાવા યોગ્ય કિંવા નવરાત્રી પ્રસંગમાં ગાવા લાયક, નિતિ ધર્મથી ભરપૂર એક પણ ગ્રંથ જોવામાં આવતો નથી. ગરબાવળીનાં ઘણાં પુસ્તક જોવામાં આવેછે પણ તે સર્વ તો અનિતિ યુક્ત જણાયછે, અને કુલિન સ્ત્રીને કેવલ લજ્જિત કરનાર થઇ પડેછે. તદર્થે, ભારતભૂમિની ભામિનિ પ્રત્યે સાદ્રશ્ય થઇ, ધર્મ-નિતિ, સદાચરણાદિ સંસ્કારથી માહિતી આપનાર એક અલ્પ ગ્રંથ યોજવા સમાજની વૃત્તિ થઇ, અને ઇશ્વરેચ્છાથી આદરેલો શ્રમ ફલીભૂત થશે, એમ સમજી દ્રવ્યહરણના હેતુનું મૂલચ્છેદન કરી, વ્યય કરેલા દ્રવ્યની આશા રાખી, સુજ્ઞ મંડલ સમીપ સ્વાધીન કરવા આ એક લઘુ ગ્રંથ બહાર પાડયોછે.

પ્રત્યેક કુટુંબમાં આ લઘુ ગ્રંથ રાખી, પ્રત્યેક કુલીન સ્ત્રીને ગ્રંથ રહસ્યથી વિદિત કરવી, એ પ્રત્યેક આર્ય જનનો ધર્મછે. ગ્રંથનો પ્રથમ પ્રયાસ હોવાથી, અને આધુનિક થતા બહુધા પુસ્તક પ્રવાહથી આર્યરત્નનું ચલિત મન વમળ જાળમાં ન પડે તેમજ ગ્રંથપર અભાવ ન થાય, એ હેતુથી પુસ્તક લઘુ કદમાં યોજ્યુંછે. સુજ્ઞ મહાજનોને સૂચનાયુક્ત અન્યથા કાંઇજ નહીં. सुज्ञेषु किं बहुना.

लीo समाज.

॥ अर्पणपत्रिका ॥

Dedicated to God धूर्जटि

રાગ પ્રબંધ કટાવ.

સામ્બ સદા ઊરધરો, સર્વજન સામ્બ સદાઊરધરો,
પ્રીતે પૂજન કરો, સર્વજન સામ્બ સદા ઊરધરો,
અહરનિશ શિવપૂજન થાતાં, કષ્ટ કરોડ નમેથી જાતાં,
સામ્બ સદા શિવ સુખના દાતા, ભોળા શંભુ છો જગત્રાતા,
સુર સંકટ બાળીને ધાતા. દૈદર્શન કરો સુખ શાતા,
અનેક વિઘ્નો દૂર પલાતાં, નારદ આવી બેન બજાતા,
સામ્બ સદા શિવ મુખથી ગાતા, એવા શંભુ ભજો સો ભ્રાતા,
સત્ય વાત સમજી સઉ બંધુ, ભક્તિ ભાવ દીલ ભરો સર્વજન. ૧
ભારત ભામિની ભૂષણ ભારી, **નીતિદર્શક** નામજ ધારી,
ગીતા વળીનો ગ્રંથ વિચારી, અર્પણ કરવા ઉલટ.હમારી,
શૈલ સુતાપતિ લહો સ્વીકારી, મુક્તિ માર્ગ અનુભવો. સર્વજન. ૨
ધર્મોત્તેજક આર્ય સનાતન, વિદ્યા પ્રસારક સર્વ સભાજન,
જંબુપૂર મુકામજ પાવંન, નવીન ગ્રંથની હોંશ ધરી મંન,
મંડળને અર્પી પોતે તંન, શંકર સાહ્યે મેળવીને ધન.
ધર્મ કાર્ય કરવામાં આર્યો, અતિ પ્રેમ ઊર ધરો સર્વજન ૨
પ્રિતે પૂજન કરો, સર્વજન સામ્બ સદા ઊરધરો,

श्री भारत भामिनीभूषण नीतिदर्शक.

गीतांजली.

श्री ग्रंथारंभे शिवस्तुति.

मंगळाचरण.

રાગ—કલ્યાણ (નાટકી)

શ્રી યોગેશ્વરા, હે ગંગનાધરા, નાગેશ્વરા પવિત્રતીર્થ શોભતાહરા. ટેક.

દીન વિભુ પ્રભુ વિનતિ સુણજો, રંકજનોની આજ;
ભવ ભય ટાળક સૃષ્ટીપાલક, વિનવે સકળ સમાજ. શ્રી. ૧

ચંદ્રહિમાચલ કુન્દ પુષ્પસમ, પશ્ચિમ મુખ જે આપ;
કામ દહન પ્રભુ કરનારા શિવ, ટાળો પાપ અમાપ. શ્રી. ૨

કુમકુમ પંકિલ ગૌર મુખતમ, તિલક સહિત સોહાય;
ઉત્તર મુખ જે પંચ વક્‍ત્રનું, દષ્ટે મન લોભાય. શ્રી. ૩

અર્ધ ચંદ્ર કાન્તિથી યુક્તજ, કૃષ્ણ જટા શિરભાર;
રક્તાધિક કાંચન સમ સોભે, પૂર્વ મુખ ત્રિપુરાર શ્રી. ૪

પ્રલય સમય મેઘાડંબરવત્ નાગમણિ શુભ કર્ણ;
પીત નેત્ર પાવન દક્ષિણ મુખ, તારો અશરણ શર્ણ. શ્રી. ૫

ૐ શબ્દનું સૂક્ષ્મ તત્વ જે, વ્યાપિ રહ્યું આકાશ;
પંચમ મુખ શિવ સત્વ ગુણથી, કરો તાપનો નાશ. શ્રી. ૬

શૈલ સુતાપતિ શંભુ સ્હાયે, ધર્યું ગહન શુભ કામ;

કૈલાશેશ્વર કૃપા કટાક્ષે, કરશો અચલિત નામ. શ્રી. ૭
આર્ય સનાતન ધર્મોત્તેજક, વિદ્યા પ્રસારક સાર;
સભા સ્થપાયી **જંબુપૂરમાં चंद्रशेखरा**ધાર શ્રી. ૮
અતિશુભ દ્યને શૈવીજનને, ગતિ કરો આ પાસ;
સત્ય આર્યમંડલમાં મળવા, ઉતારો આભાસ. શ્રી. ૯
શંકર સામ્બ સદાશિવ ભોળા, ત્રિપુરાંતક વિશ્વેશ;
શૂલપાળ શિર શમતા દાખો, સ્મરહર, માર્ગ, મહેશ. શ્રી. ૧૦
ગિરિ સુતાપતિ હરને નમીએ, ચરણકમલ તુજ શેવ;
લઘુ વયના આ બાળો વિનવે, હર, હર, હર મહાદેવ શ્રી. ૧૧

૨

રામ અને પરશુરામનો સંવાદ.

રાગ (ગિરધારી)

રાજા દશરથરે, જાન લઇને જાય, લીધો પંથ નગરનો ત્યાંય;
રૂષિમુનીરે, સાથે સૌ સોહાયે, શુણો રાઘવ બળ મહિમાય. ટેક.

ઝુલ ૧.

થયા માન શુકન કાંઇ ભારીરે, સાથે શુભ શુકન સુખકારીરે;
થઇ દશે દિશા અંધારીરે. કાલ કોપજરે, વાયુભયાનક વાય. શુણો.
સામે દીઠારે ક્રોધી તે પરશુરામ, કર્યો રામે જઈને પ્રણામ;
મુની સર્વે રે, ધ્યાન વિભુનું ધરતા, રખે ભૂમિ ન ક્ષત્રી કરતા.

ઝુલ. ૨

જટાધારી વદે તવ કોપી રે, કોણે આજ્ઞા અમારી લોપી રે;
કર્યું વેર કુડું બીજ રોપી રે, પૂરો શત્રુ રે, થઇ પડયો તે રાય. શુણો.

લક્ષ્મણજી રે, હસીને બોલ્યા વાણી, કેમ કોપ કરો રીશ આણી;
નાનપણમાં નાખ્યાં ઘણાં શર તોડી, ગુરૂ કાળ કઠીણ દો છોડી.

ઝુલ. ૩

સુણી બોલ્યાં ત્યાં પરશુ રામ રે, ભારે શિવ ધનુષનું નામ રે;
કોણે કર્યું આ ખોટું કામ રે, કહો ઝટપટ રે મનમારૂં મુંઝાય. શુણો.
વદે લક્ષ્મણુરે હતું ધનુષ સડેલું, ભાગી અડતામાં ગયું વહેલું;
જાણી બાળક રે, રોશ દઉ છું સમાવી, નહિં તો દેત કુહાડે ઉડાવી.

ઝુલ. ૪

નથી જાણતો પરશુ સ્વામી રે, કીધી ધરા ક્ષત્રી ન નામીરે;
ભૂમિ દાન દીધાં દુ:ખ વામી રે, હાથ હજાર રે, અરજુનના છેદાય
શેષ બોલ્યા રે, બ્રહ્મ તમે છો સારા, કેમ છોડું પહેલી શરધારા;
નથી ધર્મજ રે, અમ કુલનો મહારાજ, કેમ લોપું ગુરૂ તમ લાજ

ઝુલ. ૫

પરશુ ધારી કરે બહુ રીશ રે, બોલ્યા રામ નમાવી શીશ રે;
પ્રભુ આપ છો મુનિ ઈશ રે, લઘુ વચના રે, બાલને શાંતિ થાય. શુણો.
રૂષિ નાથજ રે, કહે તું છે અપરાધિ, આપ વિષ્ણુ ધનુષને સાધી.
અભિમાની રે, થયો તું શિવશર ભાંગી, લઉં જુદ્ધ હું તવથી માંગી.

ઝુલ. ૬

વદે રામ પિતા કર જોડીરે, વિભુ અર્જ સુણો આ થોડી રે;
કેમ નાખો છો મમ કુલ તોડી રે, મુની રાયજ રે, દાન અભયદેવાય. શુ.
બ્રહ્મચારી રે, મૂકોને હઠ તમારી, બોલ્યા રામ ધનુષના ધારી.
નથી લાભજ રે, જુદ્ધનું નામજ ટાળો, મુની તેમ છતાં બળ બાળો

ઝુલ. ૭

એંચ્યું રામે ધનુષને બાણુરે, પછી બોલ્યા મુની સુવાણુ રે;
કહો તો છેદું તમારા પાણુરે, નહિંતો કાપુરે, આપના ઉભય પાય. શુ.
એટલામાં રે, થઇ આં એક નવાઇ, ગયું તેજ મુનીનું સમાઇ.
રૂષિ ભાખે રે, પ્રભુ છો દીનાનાથ, હાર મારી તમારે હાથ.

ઝુલ. ૮

નથી ખોટું મને કાંઇ ક્લેશ રે, કરો મહેર પ્રભુ દેવેશ રે;
ગયું પૂણ્ય હતું જે શેષ રે, મુની ચાલ્યા રે, હિમાચલ દિશાય. શુણો.
દિશા સર્વે રે, ચોખ્ખી થઇ તે વારે, રામ ગુણ ગવાયા ભારે
રામાદિ રે, સાથે તે સૌજન જાય, લીધો પંથ નગરનો ત્યાંય.

ઝુલ. ૯

આય ધર્મોત્તેજક નામ રે, શુભ વિદ્યા પ્રસારક કામરે;
કીધો વાસ જંબુપુર ધામ રે, મલી મંડળી રે, શ્રી દેવીની સ્હાયે
કહયો રાઘવ બલ મહિમાય

૩ સંપ વિષે.

રાગ—માઢ (નાટકી)

ખરો ધર્મ સુધારી, વિનતી સારી, ચાખો સુનીતિ સાર.
ધરો સંપજ ભારી, ઉર વિચારી, નિશ્ચય ધારી, ચાંખો સુનિતિ સાર.
ટેક.

સાખી. ૧

સંપ સુધારો દેશનોરે, સંપથી થાયે કામ.
સંપ ચિત્રની સુલભતાએ, નિકટછે શુભ ધામ.

નથી વાત અકારી, સુલભ ધારી, સંપ સ્વિકારી, રાખો સુનિતિ સાર.
એક કુટુંબી આપણેરે, કરીએ સંપ લગાર;
શ્રીદેવી નિર્વિઘ્ને પધારે, વર્તે જયજયકાર.
ટાલો શંકા તમારી, ઓ નરનારી, ઉદય ભારી, રાખો સુનિતિ સાર.
સંપ રત્ન સોહામણુંરે, સદ્દગુણનો ભંડાર;
સજ્જન સર્વે સાથે મળીને, ધરોને શુદ્ધ વિચાર.
દીસે દ્રવ્યની બારી, છે સુખકારી, ધર્મ પ્રસારી, રાખો સુનિતિ સાર.
ધર્મોત્તેજક આર્ય સનાતન, વિદ્યા પ્રસારક ધાર;
જંબુપુરમાં સાથે મળેછે, સંપ પ્રસારવા સાર.
શિવ ભક્તિ પ્યારી, મંડળી સારી, સંપ વધારી, રાખો સુનીતિ સાર.

૪ સંપ વિષે.

રાગ—ગરબો.

સંપ રાખો નરનાર, તમે સૌ સંપજ રાખો.
રત્ન ખજાનો અપાર, સદા તમે ચિત્તમાં દાખો. ટેક.

સાખી. ૧

સંપે સંપત્તિ સાંપડે, સંપે જાય ક્લેશ;
સંપ થકી સુખ ઉપજે, સંપ વિના નહિં સુખ લેશ. તમે સૌ.

સાખી ૨

બે હાથે તાળીપડે, એકથી કંઇ નવ થાય;
તેમજ સંપથી ચાલતાં, સુખ શાંતિ હમેશ જણાય. તમે સૌ.

સાખી. ૩

માટે મિત્રો સૌ તમે, રાખી મનમાં હામ;

એક થકી અદકા બની, કરો સઘ સરવ શુભ કામ. તમે સૌ.

સાખી. ૪

આર્ય ધર્મોત્તેજક, વિદ્યા પ્રસારક કામ;
સભા સ્થપાયી આ સમે, શુભ **જંબુપૂર** મુકામ. તમે સૌ.

સાખી. ૫

મલવાને મંડળ વિષે, ધરો તમે ઉમગ;
જેથી નિશદિન આપણો, પ્રિય મિત્ર રહે શુભ રંગ. તમે સૌ.

૫ સ્ત્રીધર્મ—સંવાદ.

રાગ—(તમે અજાણ્યા અમે જાણીતારે.)

પહેલી—બેની પતિવૃત પૂરૂં પાળવુંરે,
અહો નિશનું કર્મ તે ધારવુંરે,
કદી ચુક ન લેશ તે માચરે,
સુશિલા માનની સોહાગણીરે. ૧

બીજી—સખી શિખ તુલ્ય તવ આયનોરે,
કિંતુ શબ્દ પતિવૃત્ત માયનોરે,
ભેદ ચોખ્ખી રીતે સમજાવરે,
મધુરી ભ્રાંત મનની ભાગશેરે. ૨

પહેલી—પતિ ગણના નિયંતા નાથનીરે,
પ્રિતી જોડવી તે શુભ સાથનીરે,
નિશ્ચે દીસે કૈવલ્યનું ધામરે. સુશિલા. ૩
આગ્યા નાથ તણીતો ધારવીરે,
અન્ય વાત ઉરે ન વિચારવીરે,

આજ્ઞા લોપનો છે અતિ દોષરે. સુશિલા. ૪
દેવ દર્શન તો સો ટાળવુંરે,
સ્વામી ભક્તિમાં ચિત્તજ ઘાલવુંરે,
નાથ સેવાથી છે સો હેઠરે, સુશિલા. ૫
પદ મંત્રીનું કાર્યમાં ધારવુંરે,
દાસી તુલ્ય ઘરકામ નિભાવવુંરે,
ભોજન કાળ માતાનો વિચારરે, સુશિલા. ૬
શામા શાન્તિ શયનમાં આપવીરે,
પ્રતિરોધ રીતી નવ દાખવીરે,
સત્વ ગુણી પતિવ્રતા થાયરે. સુશિલા. ૭
પ્રાતઃકાળ પતિપુર ભાળવોરે,
સમય અલ્પ સ્તુતિમાં ગાળવોરે,
વિષ્ણુ ભક્ત ભયહરને જ્યાયરે, સુશિલા. ૮
ક્રિયા દંત ધાવન શોચ સાધવીરે,
મતિ સ્નાન વિધીમાં ઘાલવીરે,
વસ્ત્ર ધારી થઈ રે’વું તૈયારરે, સુશિલા. ૯
પતિ દર્શનતો નવ ભૂલવુંરે,
મુક્ત નિંદ્રા થયે તેને નમવુંરે,
નાથ આજ્ઞાનો મનમાં વિચારરે, સુશિલા. ૧૦
સાધન દંત ધાવનનાં આપવાંરે,
હોંશ રાખી ઉષ્ણોદક કાઢવાંરે,
સાહિત્ય કરવાં પૂજાનાં તૈયારરે, સુશિલા. ૧૧

યોગ્ય સ્વાદિષ્ટ પાક બનાવવારે,
સ્વામીનાથને પ્રિતે જમાડવારે,
નાથ કેડે કરવો શેષાહારરે, સુશિલા. ૧૨
ભોજન કાજ પરવારિને બેસવુંરે,
પછી ગ્રંથાવલોકને પેસવુંરે,
નીતિ રીતિ જેમાંથી જણાયરે, સુશિલા. ૧૩
સત્ય **આર્યસનાતન** ધારીયુંરે,
ધર્મોત્તેજક નામજ રાખીયુંરે,
શુભ **વિદ્યાપ્રસારક** સારરે, સુશિલા. ૧૪
પહેલી—બેની અર્થ પતિવ્રત મેં કહ્યોરે,
બીજી—શુભ સાર શાણી મેં આ લહ્યોરે,
સમાધાન થયું મન માંયરે,
મધુરી ભ્રાંત મનની ભાગીછેરે. સુશિલા. ૧૫

૬ સત વિષે.

રાગ—ગિરધારી.

રાજા રાવણરે, કરેછે મન વિચાર, કેમ મેળવું સીતા નાર.
ગયા વનમાંરે, વાડી અશોક જે સારી, પાળ્યું સાધવીએ સત ભારી. ટેક.

ઝુલ. ૧

વદે લંકા પતિ ત્યાં વાણીરે, સતિ થાતું નારી મમ શાણિરે.
કરૂં સરવથી પટરાણીરે, હરિણાક્ષીરે, સુણો વચન મમ પ્યારી. પાળ્યું.
કહું સાચુંરે, પામ્યો પતિ તુજમર્ણ, માટે આવની મારે શર્ણ.
સમાચારજરે, મળ્યો મને આવાર, તારા સ્વામીને માર્યો ઠાર.

ઝુલ. ૨

સુતેલોરે હતો તુજ ઈશરે, ગયો મુજ પ્રધાન તે નીશરે;
સુતાં છેદ્યુંછે તેનું શિપરે, શેષ નાઠો રે, આપનું શુભ વિચારી. પાળ્યું.
સેના સઘળીરે, ઊંઘી હતી જે વારે, જોઇ લાગ કતલ કરી ભારે;
માટે પ્યારીરે, માનો મારૂં નિરધાર, આપું ઝટપટ હું પુરવાર.

ઝુલ. ૩

આવ્યો એટલે મંત્રી ધાઇરે, લાવ્યો રામનું શીર કર રહાઇરે;
દીઠી માત સીતાએ નવાઇ રે, જોઇ શીશજરે, શોક કરે તે કુમારી.
સ્યામ સુંદરરે, મુખે વહેછે રૂધીર, જોઇ અબળા થઈ તે અધીર,
પામી મૂર્છારે, ભાન શરીરનું ચુકી, જરાવાર પછી ઊંઘ મૂકી.

ઝુલ. ૪

બાળા બની સચેતન જ્યારેરે, કીધો વિલાપ ત્યાં બહુ ભારેરે,
મારા નાથ કર્યું શું આવારેરે, કોણ છોડવેરે, આપવિના આ વારી. પા.
દિયરજીરે, કેમ ગયા તમે નાશી, રણજુદ્ધથી ભાગ્યા ત્રાશી;
પૂછે માતારે, ભરતને પુરલોક, શુંરે કહીને વામશો શોક.

ઝુલ. ૫

પછી રાવણને સીતાજીરે, કહે તું છે મારો પિતાજીરે,
આપ ખડકી મુને ચીત્તાજીરે, સતી થઇનેરે, મેળવું મોક્ષનીબારી. પા.
લાજી રાવણરે, ગયો પોતાને ઘેર, સુણો જાનકીની જે પેર;
સાવધાનજરે, થઇ ધર્યું ત્યાં ધ્યાન, દીઠા કુશલ શ્રી ભગવાન.

ઝુલ. ૬

આવી શર્મા વિભિષણ નારીરે, તેણે સતીને શોકથી તારીરે;

માયા અસુરની વિસ્તારીરે, માતાજીરે, કુશલછે અસુરારિ પાળ્યુ.
એટલામાંરે, હવી તે આકાશ વાણી, સતી શોક તજે શુભ જાણી;
રઘુનાથજરે, આનંદમાંછે રસીઆ, ઘટ ઘટમાં પોતે વસીઆ.

ઝુલ. ૭

સુણી સીતા થયાં આનંદીરે, તૂટી દૈત્ય માયાની ફંદીરે;
ગુણ ગાયે "સભાજન" વંદીરે. પ્રભુ પ્યારારે, મહેર કરો ત્રિપુરારિ
પાળ્યું સાધવીએ સત ભારી.

૭ સત્યભામા રોશદર્શક.

રાગ—તમે અજાણ્યા અમે જાણીતારે.

કૃષ્ણ— સત્યભામાને મંદીર ચાલીઆરે,
સુતી નારી પાસે પ્રભુ આવીઆરે;
આજ કેમ છો આમ ઉદાસરે,
રૂપાળી માનની તું માહરૂંરે. 1

સત્યભામા—જાઓ જાઓ જૂઠડા કાનજીરે,
ખોટી પ્રિત તમારીછે પ્રાણજીરે;
જાઓ રૂકમણિ વ્હાલીને ઘેરરે,
રસીલા રાજ પ્યારછે પાતળોરે. ૨

કૃષ્ણ— પ્યારી કેમતું રીસે ભરાયછેરે,
નાથ તારાના મનમાં મુઝાયછેરે;
શાને વેશ ધર્યો આવો નારરે. રૂપાળી. ૩

સત્ય— અંગ આગ ઉઠે શણુગારથીરે,
દીઠો પ્રીત પ્રભુ ઝાંખી ત્યારથીરે;

ઉર લાગીછે રીસની લા'યરે. રસીલા. ૪

કૃષ્ણ— શામા રોષનું કારણ દાખવોરે,
સત્ય વાત પ્રકાશને ભાખવોરે;
અધીરાઇ થઇ મન માં'યરે. રૂપાળી. ૫

સત્ય— કાના કાલા થઇ વદો મુખશુંરે,
અણજાણ્યા થઈ આપો દુઃખશુંરે;
નથી છાનું ત્રિભોવન નાથરે. રસીલા. ૬

કૃષ્ણ— નારી સમજે તારા નથીજાણુતોરે,
ખોટી વાત ઉરે નવ આણુતોરે;
સાચું સાચું સત્રાજીત બાળરે. રૂપાળી. ૭

સત્ય— જૂઠા થાઓ તોએ શું ને સાચથીરે,
પારીજાતક પુષ્પથી રાચતીરે;
એક આંખે જુઓ નહીં નાવરે. રસીલા. ૮

કૃષ્ણ— અરે પુષ્પમાં પ્યારી શું આવડુંરે,
કરૂં ચાર ફૂલે ટાઢું તજાડુંરે;
એમ કરી આપ્યાં ફુલ ચારરે. રૂપાળી. ૯

સત્ય— નાખો ફૂલ ચૂલામાં ઓ નાથજીરે,
ઘણાં જોયાં એવાં ઘેર તાતજીરે;
જોઈ રીઝું નહિ આવો ખેલરે. રસીલા. ૧૦

કૃષ્ણ— શાણી છાપ દીસે કાંઈ ફુલમાંરે,
હોય જોતે બતાવતું ભૂલમાંરે;
એવે આણી રૂકિમણિ નારરે. રૂપાળી. ૧૧

સત્ય— સાગર કો'દી મરજાદ ન મૂકતોરે,
દુઃખી કો'ન ગોલા મ્હાજનથી થતોરે;
સુખ ભંજનમાં નથી લાભરે. રસીલા. ૧૨

રૂકિમણિ— નવ બોલીએ આવડે જેટલુંરે,
તેમ જમીએ ન ભાવે તેટલુંરે;
નમે વેંત નમે કોઇ હાથરે,
અંબીકા આજ રીસ ન રાખીએરે. ૧૩

સત્ય— હાથવેંતનું કામ મારે નથીરે,
સ્વામીનાથ બમાવ્યાછે બહુ મથીરે;
પ્રેમ ભંગતણો શિર દોષરે,
કાલીકા ચાતુરી નવ ચાળવોરે. ૧૪

રૂકિમણિ—નવ નમશો હો નારી સુલક્ષણીરે,
નિશાચરની ગતે આવ્યાં ઘર ભણીરે;
ખોટાં કામમાં શો ધરો ખારરે. અંબીકા. ૧૫

સત્ય— રીત જાળવી બોલોને ભામિનીરે,
લાંબી વાત નથી કાંઇ કામનીરે;
પછી થાશે આ રસના પોબારરે. કાળીકા. ૧૬

કૃષ્ણ— પ્યારી મેણાં ઓઠાંથી શું થાયછેરે,
માનો આબરૂ તો સર્વે જાયછેરે;
થયાં સુણી રૂકિમણિ વિદાયરે. રૂપાળી. ૧૭

સત્ય— મોત સારૂં દીસેછે આ કંથજીરે,
સાલ શોક તણો લાંબો પંથજીરે;

મરતાં શાને રોકો મહારાજરે. રસીલા. ૧૮

કૃષ્ણ— મોત શાને માટે રાણી માગુંછુંરે,
મુખે માગ્યું તુંને લાવી આપુંછુંરે;
માગ, માગ જે માગેતે હોયરે. રૂપાળી. ૧૯

સત્ય— પારિજાતક ઝાડ શોભાવવુંરે,
લાવી ચોક મારાગાંતે વાવવુંરે,
માગું એટલું હો જદુરાયરે. રસીલા. ૨૦

કૃષ્ણ— રામા કામ કઠણ તેંતો આ કહ્યુંરે,
પાળું મુખ વચન મેં તો જે કહ્યુંરે;
ઇચ્છા પૂર્ણ કરૂં તુજ મનરે. રૂપાળી. ૨૧

સત્ય— નાથ આવું લેવા ફૂલ સાથમાંરે,
સતિ મંન હોયે સદા નાથમાંરે;
નવ રહું એકલી આ ઠારરે. રસીલા. ૨૨

કૃષ્ણ— નારી સાથે તમે નવશોભશોરે,
ધીર રાખી જરાવાર થોભશોરે;
છતાં થાઓ પોતે તૈયારરે. રૂપાળી. ૨૩

ગરૂડાધીશ ગોવિંદ ચાલીઆરે,
ઇંદ્ર લોકમાં નાથ પધારીઆરે;
પુરી સત્યભામા મન આશરે. રૂપાળી. ૨૪

શિરનામી સભાજન વિનવેરે,
પ્રભુ શુભ મતિ ઝટ ખીલવેરે;
કીર્ત્તિદાન અખંડ તે ન્હાયરે,
રસીલા રાજ પ્યારછે પાતલોરે. ૨૫

૮

રાગ મરશિયો.

આજ મોહ પામી માનુની જોગીથી, પામી માનુની જોગીથી,
મોહ પામી માનુની જોગીથી, રે બેન, આજ મોહ પામી
માનુની યોગીથી. ટેક.

વૃંદા જોગી જોવાને તો આવી, સાથે દાસી પોતાનીને લાવી;
ગોર દેહ જોગી નીતે ભાવી, રે બેન આજ. ૧
જોગી બેઠા વજ્રાસન વાળી, પ્રભુ સાથે લાગી જેની તાળી;
ભામિની એ લીધા જેને ભાળી, રે બેન આજ. ૨
વૃંદા પાસે ગઇ પાયે પડવા, નવ દીધી ચેલાએ ત્યાં અડવા;
મુખ મરડી લાગ્યો બડબડવા, રે બેન આજ. ૩
બાઇ શાને કાજે તું સતાવે, રીતિ તપસી તણીતો બતાવે;
જેથી ભવની તે ભાવટ જાવે, રે બેન આજ, ૪
ગુરૂ મારા તારૂણી પાવંન, નથી દેતા સ્ત્રીઓને દર્શન;
નથી લેતા કદી જળ અન્ન, રે બેન આજ. ૫
આમ કરતાં થઇછે નવાઇ, આવ્યું હરિણ એક ત્યાં ધાઈ;
ઝટ લીધું સિંહે તેને સાહી, રે બેન આજ. ૬
પાડી બુમ હરિણે તેવારે, જોગી જાગ્યા સમાધિથી ત્યારે;
શું રે કૌતક દીસેછે આઠરે, રે બેન આજ. ૭
બોલ્યો શિષ્ય ત્યાં વાત વિચારી, ગુરૂ વાઘે હરિણીને મારી;
સામે ઉભીછે કોઇ એક નારી, રે બેન આજ. ૮
ચડયા કોપ ગુરૂને તે કાળ, થજો ભસ્મ બળીને ચંડાળ;

જેણે માર્યું આ મૃગભરી ફાળ, રે બેન આજ. ૯
પ્રભુ સ્હાય કરો મમ નાથ, કરે સ્તુતિ ચેલો જોડી હાથ;
ત્રણ હત્યા થઇ મૃગ સાથ, રે બેન આજ. ૧૦
જીવતદાન આપો મહારાજ, જેથી રહેશે ગુરૂ તમ લાજ;
રંક જનોનું સરસે સુકાજ, રે બેન આજ. ૧૧
સુણી વાત કમંડળ લીધું, જળ મંત્રી આવાહન કીધું;
દાન જીવિત ત્રણેને દીધું, રે બેન આજ. ૧૨
જોઇ મોહ પામી ઘણું નારી, વિદ્યા જોગી પાસેછે રે સારી;
નિશ્ચે ટાળશે શંકા એ મારી, રે બેન આજ. ૧૩
શંકા ટાળવા નારીએ ધાર્યું, ગુરૂ સ્તુતિ કરીને ઉચાર્યું;
ચમત્કારે કરી મન ઠાર્યું, રે બેન આજ. ૧૪
સભાજનો કહે કરજોડી, કથા દીધી પક્ષીથી છોડી;
કાલ સંકોચે કીધીછે થોડી, રે બેન આજ. ૧૫

૯

ઓખા અનિરૂદ્ધનો સંવાદ.

રાગ (ઓધવજી સંદેશો કહેજો શ્યામને)

ઓખા— પ્યારા મારા છોડી જાવું નાઘટે,
ઓખા કહે છે સુણજો સ્વામી નાથજો;
અલબેલા હઠ મૂકી દોને આ સમે,
ગુણવંતા હું કહુંછું જોડી હાથજો. પ્યારા. ૧
એકલી જાતે દીસો સ્વામી માહરા,
દલ મોટું રણ યુદ્ધે આવ્યું આજજો;

નિર્દય તાતે કાયે કઠીણ આવું કર્યું,
પ્રિતમ મારા જોઇ ઉઠેછે દાઝજો. પ્યારા. ૨
હથીઆરો બાંધ્યાછે દૈત્યોએ ઘણા,
ઠાલા માલા શસ્ત્ર વિનાના હાથજો;
ઇચ્છા હોયે લડવા કેરી આપને,
પહેલું મસ્તક છેદો મારા નાથજો. પ્યારા. ૩
ચારે બાજુ ઉભા દૈત્યો માલની,
મુઆ દૈત્યના હોંકારા સંભળાયજો;
પૃથ્વી ચાક ચઢાવી પીટયા એ ખરી.
દેખી સઘલું મન મારૂં મુંઝાયજો. પ્યારા. ૪
કોમળ કાયે યુદ્ધ ઘણાં જોયાં નથી,
અસુર સેનાને જીત્યાની શી પેરજો;
દાંત પીસીને મંત્રી લડવા આવીયો,
નક્કી એતો વાળશે પાપી વેરજો. પ્યારા. ૫

૧૦

રાગ—સદર

અનિરૂદ્ધ. પ્યારી મારી રણયુદ્ધે જાવું ખરે,
સામા જઇને કરવો છે સંગ્રામજો;
નાસી જાવું રણ યુધે જાવા થકી,
તો તો લાજે માત પિતાનું નામજો. પ્યારી. ૧
ભય પામ્યાથી પ્યારી મારૂં શું વળે,
ઉગરવાનો નથી એકે ઉપાયજો;

અંતે જીવતાં પાપી હાથે હું મરૂં,
ક્ષત્રી નામની લાજ ઘણેરી જાયજો. પ્યારી. ૨
મોર બોલથી મણિધર ડોલે ના કદી,
ના ડોલેતો સર્પ ખરો નિરધારજો;
ઘન ગાજે ને કેશરી ફાળ ભરે નહીં,
શિયાળ જાણો નક્કી તે પ્રિય નારજો. પ્યારી. ૩
દળ દેખીને ક્ષત્રી રણમાં ના ચડે,
વ્યંઢળ પૂરો ક્ષત્રી નહીં બળવાનજો;
શબ્દ સાંભળી શાર્દુલ જો બેસી રહે,
નિશ્ચે માનો વાઘ નહીં તે શ્વાનજો. પ્યારી. ૪
એકલ જાતે તોપણ ક્ષત્રી બાળછું,
યુદ્ધે જાવા રાખુછું મન હામજો;
શાંતિ રાખી શાણિ તું બેસી રહે,
તારે મારે છેલ્લા પ્યારી પ્રણામજો. પ્યારી. ૫
અનિરૂદ્ધ ઓખા પાઠ પ્રીતેથી પાઠવ્યો,
વિષધર સ્વામી રાખો સૌની લાજજો;
ગાય સુણેથી દમ્પતિ પ્રેમ વધો સદા,
વિનતિ રૂડી ઉચરે આર્યસમાજજો. પ્યારી. ૬

સ્ત્રી શિક્ષણ. ૧૧

રાગ (ધુમકુંજનમાં કાનો મચાવેછે).

બેની નારીનું રૂપ તે નાથજછે,
સુખ દુનિયાનું તેને હાથજછે. બેની. ટેક.

શણગારો સોળે સો શોભિતાં,
પ્રાણનાથ વડે સો ઓપિતાં;
રંગ રાગ સકલ તેની સાથજછે. બેની. ૧
પતિ વિના લેવો શો લ્હાવોરે,
પુર શોખ શો તે વિણ રહાવોરે;
નીતિ રીતિ બધી એ અલાભજ છે. બેની. ૨
નવપ્રિતે જમાડયા સ્યામનેરે,
નવ દીધી બીડી પૂરણ કામનેરે.
ધિક્ક ધિક્ક અબળા અવતારજ છે. બેની. ૩
પતિ પ્યાર જેણે દીલ નવ લીધો.
જન્મ ધરી સંસારજ ધૂળ કીધો,
બધી વૃથા તે ભામિની જાતજ છે. બેની. ૪
પતિ રોશ બેની કદી નવ ધરશો,
નાથ નામ કદી નવ વિસરશો;
સુખ શાંતિને મોક્ષનું દ્વારજછે. બેની. ૫
કહે 'ચીમન ઓ ભારત ભામિની,
તમે રહો સદા પ્રિય ગામિની;
કુલજાત હશે તેવી ભાતજછે. બેની. ૬

સ્ત્રી શિક્ષણ. ૧૨

રાગ. મરશિઆ.

બેન સાસરી શોભેછે સુખની બારી, શોભેછે સુખની બારી.
સાણિ શોભેછે સુખની બારી, રે બેન સાસરી શોભેછે સુખની બારી.ટેક.

નારી જાતને શાંતિ દેનારી, આખા ભવની તે છે શુભકારી.
ભુંડીનારને લાગે અકારી, રે બેન સાસરી. ૧
કરવી સાસુ શ્વસુરની સેવા, ગણો જેઠ દીયર પુજ્ય જેવા.
શબ્દ નાથ તણા ઝટ લેવા, રે બેન. ૨
કામ કાજ ઉમંગે આદરવું, ખોટી વાતોમાં ચિત્તનાં ધરવું.
ધરી નીતિ આળસ પરહરવું. રે બેન. ૩
લાવે વિત્ત પુરૂષ દુઃખ પામી, રૂડી નારી વ્યયે જાય જામી.
જન્મ દુઃખ જાયે સૌ વામી, રે બેન. ૪
શેરી જોઈ મા'લે તે તો શાણી, ડાહી ચાલે પતિ રીતિ જાણી.
ખરી *નારી સૃષ્ટિમાં પ્રમાણી, રે બેન. ૫
નારી દીસેછે ઘરની પ્રધાન, રાખવું જોઇએ તેને બહુ માન.
સુઘડનારી દીપાવે કુળમાન, રે બેન. ૬
શિયલ ભંગ કદી નવ કરવું, નાથ નામ ઉરે નિત્ય ધરવું.
જુઠી વાતે કદી નવ ભળવું, રે બેન. ૭
પિયર પક્ષ અતિ દુઃખકારી, જયાં ન દીસે કદી સુખવારી.
સારી નરસીછે સાસરી સારી, રે બેન. ૮
રૂડી નાર વદે કર જોડી, નવ દેશો પતિપક્ષ છોડી
પ્રભુ સ્હાય કરો અર્જ થોડી, રે બેન ૯
કહે મૂલજી ઓ ભારતનારી, શ્વસુર પક્ષ ગ્રહો મન ધારી;
પિયર પક્ષને મૂકો વિસારી, રે બેન સાસરી શોભેછે સુખની બારી.૧૦

શિવ-સ્તુતિ. ૧૩

રાગ—ઓધવજી.

સૌથી સમરથ ઉમા ઇશનો આશરો,

જેથી થાયે કામ સુલભ આવારજો;
પ્રિતેથી નરનારો સૌ તેને ભજો.
છે શિવશંકર સૃષ્ટી સરજન હારજો. સૌથી. ૧
ભોળા શંભુ નિશદિન તમ સેવા ભલી,
પામર પ્રાણિું પામે પરિમળ પ્યારજો;
ગહન ગતિ હરતારી નવ જાયે કળી,
મેલ તજી જન શિવ પૂંજન નિરધારજો. સૌથી. ૨
કામારિ પ્રભુ પાપ અમારાં કાપજો,
આપો સુનીતિ જનમંડળ આવારજો;
હોંસેથી સજ્જન સુર આવીને મળે,
અતિ આનંદે કરવા શુદ્ધ વિચારજો. સૌથી ૩
ભર્ગ દયાથી કાર્ય કડીણુ આ આદર્યુ,
સ્મરહર તેમાં ધરજો હેત અપારજો;
લઘુ બાળકની સુણજો રૂડી પ્રાર્થના
નામ અવિચળ આપી લો આભારજો. સૌથી. ૪
આર્યસનાતન ધર્મોત્તેજક ધારીયું,
વિદ્યા પ્રસારક નામ દીસે શુભપેરજો;
મંડળ જંબુપુરમાં પ્રિતે સ્થાપીયુ.
વિષધર સ્વામી કરજો અમપર મહેરજો. સૌથી. ૫
દીન તે શુભમાં વર્ણી પ્રીતે આ કથા,
ગૌરી સ્વામી વિનવે રંક સમાજજો;
દાતા હે શિવ નમ્ર કથન ઉર ધારજો,

જ્યોતિ રૂપહર શમતા દાખો આજજો. સૌથી ૬

૧૪

રાગ—મરશીઓ.

આજ શિવ ભક્તિ કરોને હો શૈવી, ભક્તિ કરોને હો શૈવી, (શિવ)
ભક્તિ કરોને હો શૈવી (હેસામ્બ) આજ ટેક.
ભક્તિ મુકિત દાતાછે હો ભાઇ, અંતકાળે આવેછે તે ધાઇ;
બીજી સર્વેછે જૂઠી સગાઇ, હે સામ્બ આજ. ૧
પિતા શિવજીછે વિશ્વના ત્રાતા, સુખ શાંતિ નીતિનારે દાતા;
શિવ સેવો સદા તમે ભ્રાતા. હે સામ્બ આજ; ૨
અર્ધ ચંદ્ર બિરાજે કપાળે, માત ગંગા જટામાંરે મ્હાલે;
નંદી ભૃંગિ ગણો સાથ ચાલે, હેસામ્બ આજ. ૩
વસ્ત્ર ભગવાં ધર્યાછેરે અંગે, શૈલ સુતા બિરાજે ઓછંગે;
માયા, આક, ધંતુરોછે સંગે, હેસામ્બ આજ. ૪
રૂદ્ર અક્ષ ઓપે કંઠમાળા. સાથ શોભે મણીધરકાળા;
શિર વાળે જટાના ગુંછાળા, હેસામ્બ આજ. ૫
ત્રય નેત્રી ત્રિપુરના હર્તા, બિલ્વ પત્ર ધણાં શિર ધર્તા;
સ્હાય કરો સૃષ્ટિના હો કર્તા, હેસામ્બ આજ. ૬
આર્ય ધર્મોત્તેજક દિપાવ્યું, નામ વિદ્યા પ્રસારક ફાવ્યું
મંડળ જંબુપુરે તે સ્થપાયું, હેસામ્બ આજ. શિવ. ૭

૧૫

વેદ શાસ્ત્રાદિ વિવિધ વર્ણન

રાગ—(તમે અજાણ્યા અમે જાણીતારે)

આર્ય બંધુ સુણો આ વિનતિરે,
પ્રતિ દિન પાળો સર્વે સુરીતિરે;
સત્ય આર્ય અનાદિ સોહાયરે,
સજ્જન સૌ વાત ઉરમાં ધારજોરે. ૧
ધર્મ આર્યની શું ખૂબી વર્ણવુંરે,
વિધ વિધનાં શાસ્ત્રોમાં નવ નવુંરે;
જેનો વદતાં ન આવે પારરે. સજ્જન. ૨
પ્રથમ વેદનાં નામ ગણાવીએરે,
મૂળ સંખ્યા ચતુર જણાવીએરે;
ઉપવેદો મલ્યાછે ચારરે. સજ્જન. ૩
[1]યજુષ, [2]સામ, [3]અથર્વ ને મેળવોરે,
સાથે [4]ઋગ્વેદને તમે ભેળવોરે;
મંત્ર સંખ્યાની મણના ન થાયરે. સજ્જન. ૪
ઉપવેદ તણાં નામ આપીએરે,
[1]આયુર, [2]ગાંધર્વ, [3]તંત્રને થાપીએરે;
[4]ધનુર્વેદ તણી બલીહારીરે. સજ્જન ૫
ષડ અંગ દીસેછે વેદનેરે.
પ્રિતે વરણી આપે જુદા ભેદનેરે;
[1]શિક્ષા, [2]કલ્પ, ને [3]જ્યોતિષ સારરે. સજ્જન. ૬
છંદ, નિરૂક્ત ને શબ્દ શાસ્ત્રમાંરે,
સુણી શ્રોતા ધરો પ્રેમ ગાત્રમાંરે;
અંગો અંગનીછે ભલી બારરે, સજ્જન. ૭

અષ્ટા દશછે શાસ્ત્રો તે ભાખીએરે
જેના ઉપર શ્રદ્ધા રાખીએરે
વણ શ્રદ્ધા એ મોટું પાપરે સજ્જન ૮
[૧]તર્ક, [૨]શાંખ્ય, [૩]મિમાંસા શોભતાંરે
વિવિધ વાક્ય [૪]વેદાંતે ઓપતાંરે
[૫]યોગ [૬]કાવ્ય [૭]સ્મૃતિ ભલી ભાતરે સજ્જન ૯
શિલ્પ [૮]શાસ્ત્ર [૯]અલંકાર [૧૦]કામનેરે
મત [૧૧]નાસ્તિક [૧૨]યવન નામનેરે
[૧૩]ઇતિહાસ [૧૪]પુરાણો ગવાયરે સજ્જન ૧૦
ધર્મ દેશ [૧૫]પ્રચાલિત ધારજોરે
વાણી [૧૬]અવસર પડીત સંભાળજોરે
દેશ [૧૭]ભાષાને [૧૮]અર્થ મનાયરે સજ્જન ૧૧
વિદ્યા બત્રીશ વર્ણી આ પ્યારથીરે
હવે આખ્યાન સુણો આ વારથીરે
શોધન સત્ય કીધું શ્રમે આજરે. સજ્જન ૧૨
છંદ ગીતી રહિત મંત્ર સાથમાંરે
કર્મ અધ્વર્યુનુ હોય હાથમાંરે
મંત્ર બ્રાહ્મણના ત્રણ પાઠરે સજ્જન ૧૩
યજુર્વેદ વદાયછે એહનેરે
સામવેદ ઉચારવો તેહનેરે
મંત્ર શાસ્ત્ર યજ્ઞોમાં ભણાયરે સજ્જન ૧૪
ઇષ્ટ દેવ ઉપાસના તેહમાંરે

અભિચાર ક્રિયા હોય જેહમાંરે
સંજ્ઞા વેદ અથર્વ જણાયરે સજ્જન ૧૫
મંત્ર રૂચા રૂપે જે દેખાયછેરે
પદે અર્ધ રૂચાથી ભણાયછેરે
મંત્રયજ્ઞ પુષ્ટિ દાતા થાયરે સજ્જન ૧૬
ઋગ્વેદની વાખ્યા આ કથીરે
ચારે વેદ લક્ષ્યા અતિ મન મથીરે
વિધી ઉપવેદ કેરા પ્રકારરે સજ્જન ૧૭
સત્ય આર્ય સનાતન કહાવીયુંરે
ધર્મોત્તેજક નામ દીપાવીયુંને
શુભ વિદ્યા પ્રસારક સારરે
સજ્જન સૌ વાત ઉરમાં ધારજોરે ૧૮

૧૬

ગરબો ચાલતો.

રાગ ફેર—(રઘુપતિરામ રૂદેમાં રહેજોરે)

પ્રેમિ શૈવી સુણો શુભ વિનતિરે, વીધી ઉપવેદની ખરી આરીતિરે
સાથે શાસ્ત્ર અષ્ટા દશ નીતિ, સજ્જન સૌ વાત ઉરમાં ધારજોરે. ૧
સ્થુળ દેહ શરીરની આ ગતિરે, ક્રમે જાણી ધરે જન સુમતિરે;
ટાળે આયુર રોગની ભીતિ, સજ્જન સૌ વાત ઉરમાં ધારજો રે ૨
તાળ સુર કંઠાદિમાં ભાળો રે, ચિત્તવેદ ગાંધર્વમાં ધાલો રે
સા–રી–ગ–મ–પ–ધ–ની સુતાળો સૌ. ૩
વેદ તંત્ર વીરા તે વિચારવો રે, ભેદ મોહન, મારણ ધારવો રે

વશીકરણ વિદ્યાના પ્રયોગો સજ્જન સૌ. ૪
વ્યુહ યોગ્ય કળા થાય જાણમાં રે, શૂર પૂર દીસે શસ્ત્ર બાણમાં રે
ધનુર્વેદ વદાય તે સારો. સજ્જન સૌ. ૫
ઉપવેદ વીધિ વીર દાખવી રે, ધીર શ્રાત લેજો મન સાચવી રે
શાસ્ત્ર ગુપ્ત રહસ્યને શોધો સજ્જન સૌ. ૬

૧૭

ગરબો ચાલતો.

રાગ ફેર—ઓધવજી સંદેશો.

હેતેથી સુણજો સૌ શ્રોતા આ સમે
અંઙ્ગાનીષડ વેદ નિરૂપણ સારજો
પ્રિતેથી વરણી આપે તે ભેદનાં
શોધન કીધું સત્ય મને આ વાર જો હેતેથી ! ૧
હ્રસ્વ દીર્ઘ સ્વર ઉદાત્તાદિ જેહમાં
કંઠોચ્ચારણ આભ્યંતર શુભ સ્થાન જો
વિવિધ વીધિથી વર્ણન જે વળી વાપર્યું
શિક્ષા ગ્રંથ તણું દાખવીશું ભાન જો હેતેથી ૨
શ્રૌત સ્માર્તાદિ ભેદ જરૂર જેમાં લહ્યા
કર્મ યજ્ઞ બ્રાહ્મણમાં શ્રાત મનાયજો
ભિન્ન ભાગને સ્માર્તજ સંજ્ઞા ધારવી
ઉભય ભાગથી કલ્પ શાસ્ત્ર સોહાયજો હેતેથી ૩
કાલ ચક્રની ગહન ગતિ જેમાં વદી
અહો રાત્ર ગૃહ નક્ષત્રો નિરમાણજો

સમય ભિન્નતા શાસ્ત્ર ગણિ તે આવતી
રીતિ જ્યોતિષ શાસ્ત્ર તણી પ્રમાણજો   હેતેથી ૪
કાવ્ય કળાનું માપ અવિચ્છિન્ન દાખવ્યું
म ज स य र स म न
ડાા ાડા ાાડ ાડડ ડાડ ડડા ડડડ ાાા
ભગણ, જગણ આદિ ગણનો વિચારજો
વેદ મંત્રની ચરણ વ્યવસ્થા જે કરે
છંદ શાસ્ત્ર તે આર્ય તણું નિરધારજો   હેતેથી ૫
ગહન વિવેચન શબ્દ તણું જે સૂચવે
વાક્ય શબ્દ જે અર્થો એકાકારજો
સંચય રૂડો અવધિથી જે આદરે
શ્રોત્રનામ સહશોભે નિરૂક્તા વારજો   હેતેથી ૬
શાસ્ત્ર શબ્દનું નમ્ર કથન ઉર ધારવું
ધાતુ, સંધિ, પ્રત્યાદિક સમાસજો
જાતિ સ્ત્રી પુલ્લીંગ વિધીથી સાધના
શબ્દ શાસ્ત્રથી ધારો સત્ય તપાસજો   હેતેથી ૭

૧૮

ચાલતો ગરબો.

રાગફેર (માણીગર મોલે પધારો)

ભારતિના ભડવીર, વીરા તમે શાંતિ તો રાખો   ટેક.
શાસ્ત્ર અષ્ટાદશ સાર, નીતિ રૂપી અમૃત ચાખો

સાખી. ૧

આઠ, પુરૂષ એક, પ્રકૃતિ, સાથે સોળ વિકાર
તત્વો પચીશ એકઠાં, સાંખ્ય શાસ્ત્ર કેરો એ સાર.   વીરાતમે

સાખી. ૨

વેદ વાક્યની કલ્પના, ક્રિયા પરત્વે થાય
શાસ્ત્ર મિમાંસા શોભતું, ગુણ તેનો નહિં રે ગણાય.   વીરાતમે

સાખી. ૩

બ્રહ્મ એક છે શોભતો, શાસ્ત્ર વેદનો ઇશ
ભાસે માયિક સત્યમાં, ખોટું માને તે વેદાધીશ.   વીરાતમે

સાખી. ૪

ધ્યાન સમાધિ દાખવે, રોકે મન કરી રોધ
યોગ શાસ્ત્ર છે તે રૂડું, જેણે આપ્યો અવિચળ બોધ.   વીરાતમે

સાખી. ૫

કાવ્ય શાસ્ત્ર વિનોદમાં, અલંકાર રસ હોય
પદ્ય ગદ્ય આનંદથી, શાસ્ત્ર કાવ્ય કળા શુભ શોચ   વીરાતમે

સાખી. ૬

આશ્રમ ચારે વર્ણવે વેદ અનુકૂલ રીત
શાસ્ત્ર અર્થની છે મતિ, માનો સ્મૃતિ તમે ધરી પ્રિત.   વીરાતમે

સાખી. ૭

શિલ્પ કળા સુથારની, વરણે ધરી જે પ્યાર
બહુ સો તમે સુણજો, રૂડી શિલ્પ કળા નિરધાર.   વીરાતમે

સાખી. ૮

ન્યુનાધિક વૃત્તી થકી વરણુન આપે જેહ

શોભા પરસ્પર ગુણુની, લહો શાસ્ત્ર અલંકાર તેહ વીરાનમે

સાખી. ૯

સ્ત્રીઓ ચાર પ્રકારની, પુરૂષ ગુણુ શુભ પેર
અશ્વ શશાદિના ભેદથી, કામ આનંદ લીલા લે'ર વીરા તમે.

સાખી. ૧૦

કર્તા ઇશ્વર છે નહિ, વસ્તુ સ્વભાવે થાય
વેદ નિષેધને જે કરે, મત નાસ્તિ તેને મનાય વીરા તમે.

સાખી. ૧૧

શ્રુતિ સ્મૃતિના ભેદને, માને નહિ પ્રમાણુ
ધર્મ વેદ અસત્યછે, મતયવન ગ્રંથ તે જાણુ વીરા તમે.

સાખી. ૧૨

ઇતિહાસાદિ ગ્રંથમાં, આપે પૂર્ણ વૃતાંત
સૃષ્ટિક્રમ જેમાં વળી, માને પુરાણ ભાગી ભ્રાંત વીરા તમે

સાખી. ૧૩

દેશ દરેકે કુલની, ધર્મ ભિન્નતા સાર
દેશ પ્રચાલિત ધર્મછે, તમે માનો બંધુ આચાર વીરા તમે

સાખી. ૧૪

વિના શાસ્ત્ર સંકેતથી, વાણી જેહ વદાય
સ્ફુટતા આપે શબ્દાર્થની, વાણી અવસર પઠિત જણાય વીરા તમે

સાખી. ૧૫

ભાષા દેશની ભાખવી, લોક અનુકૂલ વાત
ખુલ્લો અર્થ જણાવતી, ધારો દેશ ભાષા તમે ભ્રાત વીરા તમે

સાખી. ૧૬

શ્રુતિ સ્મૃતિને અનુસરી, આચારાદિ ભણાય
વિત્તો પાર્જન શક્તિ તે, શુભ અર્થ શાસ્ત્ર જણાય વીરા તમે.

સાખી. ૧૭

શાસ્ત્ર અઢારે વર્ણવ્યાં, હેતે રાખી હામ
દયા નિધિ હો સ્મરહરા, પ્રભુ કરશો અચલિત નામ વીરા તમે.

૧૯

સ્તુતિ.

રાગ.—નાટકી—માઢ

ખરી આસ્તુતિ ધારી, લેજો વિચારી, શૈવીજનો આવાર
અતિછે સુખકારી, શંકર યારી, મોક્ષની બારી, શૈવીજનો આવાર

સાખી. ૧

શંકર સામ્બ સદાશિવ ભોળા, સદ્ ગુણના દાતાર
પ્રીતથી ભક્તિ લીન થઇને, ધરજો શુદ્ધ વિચાર
હો પ્રિય નરને નારી, છે ત્રીપુરારિ, કષ્ટ વિદારી શવીજનો.આવાર

સાખી. ૨

કામાધીશ્વર નાથ જગતના, સૃષ્ટિ સરજનહાર
કૃષ્ણ ઘટા સમ કષ્ટજ કાપી, ઉતારો ભવ પાર
હો વિભુ ગંગના ધારી, શમતા સારી,
નિશ્ચય ધારી, શૈવીજનો આવાર

સાખી. ૩

ભસ્મ ભલી સર્વાંગે શોભે, કીધો જંગલવાસ

આક ધંતુરોને ભાંગજ પ્યારાં, રાખજો રંકને પાસ
હો શિવ શક્તિ છે ભારી, છે બલીહારી,
નિશ્ચય ધારી, શૈવીજનો આવાર

સાખી. ૪

ઉમાકાન્તની ભક્તિ કરતાં, નવ ધારો દીલ રોષ
રોષ ધરે ફ્લે થાયે માઠુ, લાગશે મોટો દોષ
રાખો પૂંજા જારી, ધર્મ સુધારી,
ટાળશે વારી, શૈવીજનો આવાર

સાખી. ૫

ધર્મોત્તેજક આર્ય સનાતન, **વિદ્યા** પ્રસારક આજ;
જંબુપુરમાં સાથે મલીને, વિનવે સત્ય સમાજ;
લો પ્રભુ દક્ષવિદારી, ભર્ગ અમારી;
વિનતિ સારી, શૈવીજનો આવાર;

૨૦

ઓખા અનિરૂદ્ધનું પકડાઈજવું

રાગ. ગિરધારી.

રૂતુ વર્ષા રે ગઇછે રમતાં રાસ, પછી આવ્યો આસો માસ
શરદ પુનમરે, શોભેછે અપરમપાર, દીસે ઓખા જોબન નાર. ટેક.

ઝુલ. ૧

દીસે ચાંદનીપુર રસાલીરે, ઝુલે હીંડોળે મત બાળીરે.
અનુચરે તે નારી ભાળીરે, નારી રૂપજરે, થઈ કન્યા આવાર
ભરજોબનરે, કયાંથી થઇ આ બાલા, કરે નવજોબનના ચાળા.

જોઈ ઓખારે, સેવક એકજ જાય, કહ્યો કૈભાંડને મહિમાય.

ઝુલ. ૨

ગયો મંત્રીતે રાયની પાસરે, કીધો વાત તણો પ્રકાશરે;
ગયું રાયજી સત્યાનાશરે, સુણો રાજારે, થયોછે હાહાકાર. દીસે
સુણતામાંરે, ચઢીકે રાયને ઝાળ, ભાગી શીવ ધજા તતકાળ,
જાણ્યું રાયેરે, શત્રુથયો મમભારી, માટે કરવું કંઇક વિચારી;

ઝુલ. ૩

જાઓ પ્રધાન જલદી આવારરે, લાવો પુત્રિને તેડી આઠારરે,
કોઇ જાણે નહિતે સારરે, કહું સાચુરે માનો વચન નિરધાર. દીસે.
પ્રધાનજરે, ગયો તે ઓખા પાસ, બોલ્યો નીચે રહીને આવાસ,
બાઈ દીઓરે, દર્શન તમે આકાળ, ચાલો રાયનીપાસ હો બાળ;

ઝુલ. ૪

ચિત્રલેહા ગઇ કયાં આજેરે, બાઇ કર્યું ભુંડું તમે કાજેરે,
હવે શુંરે થાશે મહારાજેરે, કહે ઓખારે, નાથજી દુઃખનોભાર. દીસે
પીયુપ્યારા, દેસો નહિ દરશંન, ભરેનીર અતી લોચંન
થઇ વ્યાકુળરે; આવી **ઓખા** તે બારી, કહે મંત્રી વચનજ ભારી;

ઝુલ. ૫

કીધું ચિત્રલેહાએ સેનરે, તેથી નીર ભરૂંછું નેનરે,
નથી લાગતું મુજને ચેનરે, નથી ખોટુંરે કહુંછું સાચો સાર. દીસે
બેન ઓખારે, વહોમાં આળપંપાળ, નહિ તો જોશું તમારો માલ,
જાશે ભારજરે, ત્યારે તથારો બાઇ, આવો જલદી હેઠલ ધાઈ;

ઝુલ. ૬

ઓખા કરેછે બહુ રીશરે, અલ્યા છેદાવું તારૂં શીશરે,
પ્રભુ સ્હાય થજો જગદીશરે, એમ કહીનેરે, ઉભીછે ઓખા નાર. દીસે
એટલામાંરે, દીઠો અનિરૂદ્ધબાળ, ચઢયો રાયને ઝાઝોકાળ,
કર્યો હૂકમરે, તોડી નાખો આવાસ, કરો દુષ્ટનો જડને નાશ;

ઝુલ. ૭

શુભ **આર્ય સનાતન** ભારીરે, **ધર્મોતેજક** નામ પ્રસારીરે,
શુભ વિદ્યા પ્રસાર કરનારીરે, મળી મંડળીરે;
ધન્ય **જંબુપુર** ઠાર, દીસે ઓખા જોબન નાર.

૨૧

અંબીકા સ્તવન.

રાગ—(ગરબો)

નમુ નમુરે અંબેમાત, માતંગીમારી
ગુણ ગાવુંરે હેતે આજ માતંગીમારી. ટેક.
ઇચ્છા શક્તિ વર્ણન કરવા, માજી રાખું પ્રેમરે,
આતા જાણી માતા મારી, રાખોને સુક્ષેમ. માતંગી. ૧
મંમાયા આ મહેર કરીને, આપોને શુદ્ધ બુદ્ધરે,
શરણે રાખી બાળ તમારા, ટાળોને કુબુદ્ધ. માતંગી ૨
સપ્ત ખંડમાં વ્યાપી દેવી, નામ તમારૂં પ્રસિદ્ધરે,
દૈત્યો મારી સુર રખવાળી, માજી તેંતો કીધ. માતંગી ૩
દુઃખ દારિદ્રો હરજો સરવે, નમીએ વારંવારરે,

અકળ કળા આ તારી ઝાઝી, કોઇ ન પામે પાર. માતંગી ૪
સુરવર મુનીવર પ્રીતે સેવે, અને ધરે તુંજ ધ્યાનરે,
ચંડ મુંડને મારી માજી, રાખ્યું દેવનું માન. માતંગી ૫
ચાચર તારો જોવા મનમાં, મોટી થાએ આશરે,
નામ રટે જે દેવી તારૂં, તે આવે તુજ પાસ. માતંગી ૬
નારીનો તેં પુરૂષ કીધો, કીધું અદ્દભૂત કામરે.
કાન્તિ તારી અનુપમ જોતાં, મૂકી દે સૌ હામ. માતંગી ૭
કાળીદાસને સ્થાપ્યો માજી, જાણી ઊરમાં દાઝરે,
શું ? ગુણો આ પ્રીતે દેવી, ગાયે **આર્ય સમાજ**. માતંગી ૮

૨૨

સ્તવન.

રાગ. (નાટકી ત્રુટક બનજારો.) (અટકાનું ગૌવધ જ્યાંય)રાહ.

હર સામ્બ (૨) સદા શિવરાય, ભજતાં સૌ પાતિક જાય.
ગુણ અગણિત (૨)નો મહિમાય, ભજતાં સૌ પાતિક જાય;
હે આર્ય રત્ન ધીર ભાઈ, લહો સ્મર હર સાથ સગાઇ, નવ ધરશો લેશ જૂદાઇ,
ખરે પ્રીટકાર, ધરે જે વાર, ભર્ગ શું પ્યાર, તજી દીલ માંહે. ભજતાંસૌ ૧
શુદ્ધ શિવ પૂંજન નિહાળો, મતભેદ બુદ્ધિથી ટાળો, અવિકારી શંકર ભાળો,
ધરી શુભ મન, નથી વ્યયધન, યોજી તમતંન, કરો પૂજાયે. ભજતાં સૌ. ૨
પ્રભુ કીધોવાસ કૈલાસે, ઉમીઆજી હરનિશ પાસે, ત્રિપુરાદિ દૈત્યો ત્રાસે.
પિતાજી આજ, હસ્તતમ લાજ, સરેઅમંકાજ, વિઘ્ન દૂરથાય. ભજતાં. ૩
ઇશ પાનો દધિનું કીધું, વડવાગ્નિ નામજ લીધું, સુખ સુરજનોને દીધું.

ગંગનાધાર, ચઢો અસવા'ર, મળે ભવપાર, અચલતમ રહાયે. ભજતાં ૪
આર્ય ધર્મ તેજક શોભે, શુભ વિદ્યા પ્રચારક ઓપે, હર ભક્તિ તે નવ લોપે.
જપે તુજ નામ જંબુપુર ગામ, લઇ ઊર હામ,ચહે રક્ષાય.ભજતાંસૌ.૫

૩

દેવીપ્રાર્થના.

શ્રી અંબીકા હો મમમાત, વદે બાળલઘુ નવ રાત. ટેક.
આર્ય જનની તું જગત્રાતા, દીનબંધુને શાંતિ દાતારે,
માજી મહેર કરો સાક્ષાત. વદેબાળ. ૧
ધન્ય રાત્રિ દીવસ પડવાની, રમ્ય પાયતારે અડવાનીરે,
મોટા દૈત્યોની કીધી ઘાત, વદેબાળ. ૨
તેજ રૂપ માજીનું અપાર. **જ**રકશી ધર્યા શણુગારરે,
કરી શાંત દેવો તણી જાત. વદેબાળ. ૩
વિદ્યા દેવી તે આપનું અંગ, **પ્ર**તિ દિન રહે તમ સંગરે
સાચી વાત ધરો ઊરમાત, વદેબાળ. ૪
રજની બીજી ત્રીજી રળીઆત, **ક**રી ચંદને મુંડની ઘાતરે
સતિ વિશ્વ વિષે વિખ્યાત, વદેબાળ ૫
માસે ચોથ, પાંચમ, છઠ સારી, **જં**તુ જીવજંતોને પ્યારીરે
વુરાં કષ્ટ કરો નિપાત, વદેબાળ ૬
શાર બાણ સાતમપર છોડી, **ર**સી નાખી સસુરની તોડીરે
કીધો આઠમે હોમ હો માત, વદેબાળ ૭

નવમી નાવને પુર ચલાવી, દીધાં સુરનાં દુઃખ સમાવીરે
દિન દશમની ભલી ભાત, વદેઆળ ૮
અંબાલાલ કહે મમ આઇ, ગ્રહો હાથ સેવકનો સ્હાઇરે
અંબે સ્હાય કરો મુજ માત, વદેબાળ. ૯

૨૪
નિતિ.

રાગ—ગરબી.

હે ? આર્ય રત્ન ધીર ભાઇ, નીતિ રાખોરે;
જેથી થાશે અતિશે લાભ, સુધા સૌ ચાખોરે. ૧
કે નીતિ તણા બે ભાગ, મનમાં ધારોરે;
પે,લી સુનીતિ સાર, ગુણી ? વિચારોરે. ૨
સંસારી ગૃહ કામ, નીતિથી ચાલોરે;
જેથી ટળશે સૌ દુઃખ, વૈભવ ભાળોરે. ૩
ભ્રાતૃ ભાવિક હેત, સગામાં ધરજોરે;
નવ કરશો કદાપિ કલેશ, આનંદ વસજોરે. ૪
ધર્મ નીતિને ન્યાય, સદા સૌ પાળોરે;
કુસંપ તણું કુબીજ, ગુણી જન ! ટાળોરો. ૫
વિદ્યાનું પણ દાન, તનુને દેજોરે;
વિવેકી જ્ઞાની સાર, તે પણ કરજોરે. ૬
કુનીતિ બીજી સાર, ઊરમાં ધારજોરે;
ના જુઓ સ્વપ્ને તેહ, જશે સુખ વારોરે. ૭
રાવણ, કૌરવ, કંસ, કીચક પેખોરે;

કુ નીતિએ ખોયું રાજ, રણુવટ દેખોરે. ૮
ઝાઝો શો વિસ્તાર, મુખેથી ભાખેરે;
છે દેખીતાં દુષ્ફલ, સુનીતિ પાખેરે. ૯
નીતિ વરણુન આજ, મનથી ગાજોરે;
વિનવેછે **આર્ય સમાજ**, સુનીતિ સ્હાજોરે. ૧૦

૨૫

સત્યનારાયણનો ગરબો.

રાગ—ગિરધારી. રાહ

નારાયણરે, સ્તુતિ ઉચ્ચારે તમારી, પ્રીતે વર્ણું કથા તમ સારી
મુક્તિ દાતારે, ભક્તનાં દુઃખ વિદારી, કરો દાસ પરે મ્હેર ભારી
ઘન સ્યામજરે, રૂપ તમારૂં રસાળ, વિભુ આપ છો દીન દયાળ.

ઝુલ. ૧

નીલવર્ણુ પિતામ્બર પીલુંરે, શોભે કેસરી સુંદીર ટીલુંરે
મુખ પુનમ ચંદ્ર રસીલુંરે, દીના નાથજરે નમ્ર અરજ ગિરધારી. કરો.
પ્રભુ ધ્યાનજરે, આપનું મનમાં ધારી, વદું તવ ગુણને વિસ્તારી
સુધરજીરે, વાસ કરો રસનાયે, થાયે જગમાં અમજસ નાયે

ઝુલ. ૨

રૂષિ બેઠાતા નૈમિષાવનરે, એવે આવ્યા પુરાણી તંનરે
પામ્યા સૌનકાદિ હર્ષ મંનરે પાય લાગીરે, પ્રશ્ન કર્યો વિચારી કરો.
ફળ વાંછીતરે, મેળવે કો' જગમાંય, કોણ જપતપથી મુનીરાય
કથા સરવેરે, કહો તમે મહારાજ, જેથી થાયે અમારાં કાજ

*

ઝુલ. ૩

કહે સુત તદાહો મુનીરે, તમે લીઓ પશ્નોત્તર સુણીરે
પુરો પ્યાર ધરે જન ગુણીરે, કોઈ કાળેરે બ્રહ્માસુત બ્રહ્મચારી કરો.
નારદજીરે, આવ્યા ફરી ત્રિલોક, જોઈ દુનિયા પામ્યા શોક
દુઃખી દીઠારે, નરનારો સૌ કોઇ, માયા પાસે ફસેલા જોઇ

ઝુલ. ૪

કર્યું ચિંતન મુનીરાયરે, એવો કોણ સુલભ ઉપાયરે
જેથી તાપ જનોનાં જાયરે, શોધી કાઢીરે, કરૂં અતિ સુખકારી કરો
રૂષી ચાલ્યારે, આવીઆ વૈકુંઠ ધામ, પ્રભુ દીઠા પૂરણ કામ
પાય લાગીરે, સ્તુતિ કરી અતિભારી, વિભુ આપછો દેવ મોરારી

ઝુલ. ૫

સત્ય દેવ કહે બ્રહ્મચારીરે, કેવી શંકા મનમાં ધારીરે
કરો પ્રશ્ન રૂષી વિચારીરે, મુની બોલ્યારે, સૃષ્ટિ બધી દુઃખીઆરી કરો
નાના વિધનારે, જન્મ ધરીને પ્રાણી, ઘણું દુઃખ પામતા જાણી
કરી કૃપા દૃષ્ટિ, માર્ગ બતાવો સ્હેલો, ક કરે ક્લેશનો નાશ સમૂલો.

ઝુલ. ૬

પ્રભુ કહે હો મુનીરાયરે, સુણો કષ્ટ નિવારણો પાયરે
જેથી લોકનું હીત થાયરે, સત્યદેવનુંરે, રૂડું જે વ્રત અવિકારી. કરો.
વિધી પૂર્વકરે, આદરવું ઉમંગે, લઇ સાથ સહોદર સંગે
ભલી ભાતેરે, પૂનમ આદિતવાર સાયંકાળે પૂજનનો પ્રકાર

ઝુલ. ૭

કરવો બ્રાહ્મણને બોલાવીરે, શીરા કેરો પ્રસાદ ધરાવીરે

કથા પ્રીત થકી કરાવીરે, રૂડી રીતે રે, દેવની સ્તુતિ ઉચારી. કરો
પછી જાતેરે, ભોજન તો વળી લેવું, ઘણું દાન દીજોને દેવું
સત્ય દેવજરે, થાયે તેથી પ્રસન્ન, કરો ભક્તિ ખરી તનધન

ઝુલ. ૮

સભા આર્ય સનાતન ભાખે રે, સત્ય દેવની ભક્તિ રાખેરે
જેથી નિર્મળ ફળ બહુ ચાખે રે, પ્રભુ પ્યારારે, આશ પુરોને હમારી.

૨૬

જંબુશર શેહેરનું વર્ણન.

રાગ (અલબેલીરે અંબે માત જોવાને જઇએ.)

સારૂં સારૂં રે જંબુપૂર શેહેર, શોભા શી કહું રે
છે દરશનની બહુ લ્હેર, શોભા શી કહું રે ટેક
ગામની વચ્ચે તળાવ મોટું, નાગેશ્વર જે નામરે
પવિત્ર તીર્થ ગણાય છે ભારે, ગોગેશ્વરનું ધામ. શોભા ૧
તળાવ વચ્ચે બેટની શોભા, કહેતાં ના'વે પારરે;
બાંધેલા ઓવારા સુંદીર ચોપાસે નિરધાર. શોભા. ૨
પૂર્વ દીશામાં નવાણુ લગતો, વેણીભાઇનો કુંડરે,
પતાળ ફોડી પાણી આવે, ખેંચી ન શકે સુંઠ, શોભા. ૩
શ્રીજી મંદીર, મોટું મંદીર, વિઠ્ઠલજી, સ્યામ લાલરે.
નરસીંહજી રણછોડજી કા'વે, રામજીને ગોપાળ, શોભા. ૪
બીજાં મંદીર વગર ગણાવ્યાં, બાકીછે દશ બારરે;
ખરેખરો ચાલેછે જેમાં, વૈષ્ણવનો પોબાર, શોભા. ૫
વૈષ્ણવ વસ્તી ઝાઝી રહીછે, ભક્તિ ઉપર પ્રેમરે,

સ્ત્રી પુરૂષને સવાર સાંઝે, દર્શનનો બહુ નેમ, શોભા. ૬
ચોમાસે હીંદોલા આવે, દર્શન સાંજે થાયરે.
વરસાદે ભીજાતાં સર્વે, ઝાંખી કરવા જાય, શોભા. ૬
શેહેરની વચ્ચે બજાર સારૂં, સામા સામી હાટરે;
દુકાનોની બપકી ભારે, સોની ઘડતા ઘાટ, શોભા. ૮
બેઠી બાંધણી, ધીચ ધરોછે, ઉજળી વસ્તી સારીરે.
મર્યાદા પુર્વક વર્તેછે, સર્વે નરને નારી, શોભા. ૯
કચેરીઓ ઇલાયદી આવી, સર્વે જાતની સારીરે.
મુનસફને મામલતદારજ સાથે, ફોજદારીછે ભારી. શોભા. ૧૦
રજીષ્ટર કોરટની સાથે, તુરંગ ખાનું દીસેરે,
અદલ ઇનસાફી ન્યાયાધીશો, પ્રજા સુખી દીન નિશે. શોભા. ૧૧
ઉત્તર દીશાએ થોડે છેટે, બેઠકનું મંદીરરે;
પવિત્ર નવાણ કુંવારી ધરતી, જેનું નિરમલનીર શોભા. ૧૨
બેઠકની પાસે બાંધ્યું છે, રામેશ્વરનું ધામરે;
ધર્મ શાલાને વાડી સુંદીર, તુએલપુર મુકામ. શોભા. ૧૩
દીવ્ય સ્વરૂપ બિરાજે પોતે, ગવરી પુત્ર ગણેશરે;
સાથે સાથે મંદીર મોટાં, ગજાનંદ મહેશ, શોભા. ૧૪
શિવાલય જે વાવ્ય ખુણામાં, નીલકંઠછે નામરે;
ગાઉ એક છેટે આવ્યુંછે, મહા મનોહર ધામ, શોભા.
પશ્ચિમ દિશાએ પંથે પડતાં, રણ મુકતેશ્વર આવેરે.
અતિ રમણ્ય સ્થાન સરસને, શાન્તિ દાતા કા'વે, શોભા. ૧૫
માતાજીનાં મંદીર દીસે, ગામની વસ્તી પાસરે.

મા'લક્ષ્મી, સીકોતર, કાળી, અંબાપુરે આશ. શોભા. ૧૬
આવી રીતે દેવદેવીની, રખવાળી ચોપાસરે;
અતિ આરાધન કરતા વિપ્રો, લક્ષ્મિજીનો વાસ. શોભા. ૧૭
નાનુંછે પણ જોવા જેવું, મુમ્બઈ બીજું નાનુરે;
કપાસ, રૂ, ચાંદી વિગેરે, વેપારોનું થાણું, શોભા. ૧૮
કપાસનાં બે ચાર જીનોછે, પાસે લેલી બાગરે;
સાંઝ સમયે શોખીન લોકો, ફરવાનો લેલાગ. શોભા. ૧૯
ધર્મોતેજક આર્યસનાતન, વિદ્યા પ્રસારક સારરે.
સભા સ્થપાયી **જંબુપુરમાં**, ચંદ્ર શેખરા ધાર, શોભા. ૨૦
અવિચલ કીર્તિ આપો પ્રભુજી, જન સુખ દાયક કામરે;
કરવા ધાર્યું અતિ ઉમંગે, જેથી રહેશે નામ. શોભા. ૨૧
વર્ણન ઝાઝું શું વીસ્તારી, મુખેથી કહેવાયરે;
છગનલાલ વિનવે કરજોડી, શંકર કરજો સ્હાય. શોભા. ૩૨

૨૭

રણછોડજી સ્તવન.

રાગ—(ચલો ચલો મોહનજી, ચલો કીસનજી) એ રાહ.

ચલો ચલો છબીલા, ચલો રસીલા, ચલો ડાકોર દરશન કરીએ. ટેક
પ્રભુ પ્રેમ શું આજ નિહાલોને, જેથી પાપ ત્રિવિધી પ્રજાળોરે,
રસીલા, ચલો
તમે બ્રહ્મ તણા છો દુ:ખહારી, તમે માર્યો શંખાસુર ગીરધારીરે,
રસીલ, ચલો

કશ્યપ રૂપ ધર્યું હો બ્રીજવાસી, ચૌદરત્ન કાઢયાં બ્હાર અવિનાશીરે,
રસીલા, ચલો

તમે વિષપાયું ગંગધારીને, પાયું અમૃત સુર વિચારીરે,
રસીલા, ચલો

વારાહ રૂપ ધર્યું સારંગ પાણી, ભૂમિ લાવ્યા તમે વેણુધારીરે,
રસીલા. ચલો

(દોડ)

આપ દીસો ભક્ત પાલ, રાખી ઊર બહુ વ્હાલ, માતા જસોદાકે બાલ,
માનો મેરા બચન, હાંરેહાં માનો મેરા બચન.

સાખી ૧.

હરિણ્ય કશ્યપને મારીઓ, ઉગાર્યો પ્રલ્હાદ
વિધી વાકય સંભારીયું, સુણી સુરની દાદ

સૌ સુણો નરનાર, કરો દીલમાં વિચાર, એતો દીસે દુઃખહાર, માનો
મેરા બચન, હાંરેહાં માનો મેરા બચન.

વામન રૂપ લીધું હો મોરારિ, ઠગ્યો બલીરાજા શું ? બલીહારીરે,
રસીલા, ચલો,

છડીદાર થઇ રહ્યા ગિરધારી, ભાગ્ય ભળ્યું બળીનું વનમાળીરે,
રસીલા, ચલો,

(દોડ)

કૃષ્ણ રાજીત મધુપુરી, કુંજ રાસ રમ્યા હરી, મુખમોરલીશું ધરી,
મન મોહેલીઓ, હાંરેહાં મન મોહેલીઓ.

સાખી ૨.

રાજા રાવણ મારીને ભાગ્યાં દુઃખ અપાર
વિભીષણને સ્થાપિઓ, લંકાં પતિ નિરધાર
તેં તો ધર્યું કૃષ્ણ રૂપ, તારી લીલા છે અનુપ. તું તો સર્વ કેરા ભૂપ,
મન મોહેલીઓ હાંરેહાં મન મોહેલીઓ
મામા કંસને માર્યો મહિધારી, કીધી ગોકુલ ઘેલી ગોચારીરે,
રસીલા, ચલો.
બુદ્ધા રૂપ ધર્યુંછે અવિનાશી, રહ્યા જ્યોતિ રૂપે સુપ્રકાશિરે,
રસીલા, ચલો.

(દોડ)

પુરણા નંદછે અનંત, દયા સિંધુ ભગવંત, તને સેવે સુર સંત,
લહો સાચી એ બાત, હાંરેહા લહો સાચી એ બાત.

સાખી ૩.

અકલ કળા આ તાહરીં, પામે નહિં કો’ પાર
સત્ય સ્વરૂપે પધારીઆ, ડંકપુરમોઝાર.
ખરી શાગર સુતા પતિ, તારી અકલછે ગતિ, મારી જાણો મંદમતિ,
લહો સાચી એ બાત, હાંરેહાં લહો સાચી એ બાત.
દયા કીધો બોડાણાપર ભારી, ભક્ત ગુણ વધાર્ય ચક્ર પાણીરે.
રસીલા, ચલો.
ગંગાબાઈના ગુણ વધાર્યારે, ઘણા ભક્તનાં કાર્ય સુધાર્યારે
રસીલા, ચલો.

(દોડ)

સવા વાસે ઓછા થયા, ઓડાણાની જાણી દયા, ડંકપુર માંહી રહ્યા,
આયે મોરારિ હાંરેહાં આયે મોરારિ

સાખી ૪.

સેવક સૌ પાછા વળ્યા, થઈ ઘણા નિરાશ
દ્વારકાં છોડી આવીઆ, અત્રે કીધો વાસ,

વસ્ત્ર અનુપમ શોભે, જોતાં મન બહુ લોભે, ભક્તિહીન ઘણું ક્ષોભે,
એસેં મોરારિ હાંરેહાં એસેં મોરારિ

સભા જન નમે હો ગિરધારી, મ્હેર કરો જંબુપુર ભારીરે,
રસીલા ચલો,

शार्दुल विक्रिडित् वृत.

भोळा साम्ब सदा शिवा उरधरो, स्तुति लघुबाळनी,
माया पास विरक्त सद्य करीने, टाळो गति काळनी;
विष्णु, ब्रह्म, मरुद्गणादि विनवे, सेवे सदा सारदा,
स्वामी हे शिव तात रंकजननी, कापो अति आपदा १
माता गौरी निवास रात्रि दीननो पासे पूरो शोभतो,
कामाधिश्वरछे विभु अचळतो, मेतो जथो आपतो;
वायु वृक्ष गणादि आ अवनीमां, चाले तवाधारथी,
कोटी दंड प्रणाम ओ भयहरा, लेजो धरी प्यारथी. २

ऐश्वर्या धिपतित्रिलोक गणना शंभो हरा शंकरा,
आधि, व्याधि, उपाधिदोष त्रयथी रंको करो निर्डरा;
तारी शुद्ध प्रसादीना पुरबळे रुडी कृति आदरी,
कीर्ति दीन अखंड आ जगतमां आपो पिता धूर्जटी. ३
धर्मोत्तेजक आर्य मंडल भलुं जम्बुपूरे स्थापीयुं,
विद्या सत्य तणी प्रसारक विधि लेवा रुडुं भाखीयुं;
शैवी योग्य जनो तणां मन विशे प्रिति तमे आपजो,
उमाकान्त दयानिधी स्मरहरा कष्टो कुडां कापजो. ४
शान्ति हे शिव शान्ति बाळजनने, शान्तिज शान्तिबध,
शान्ति चंद्रधी खंड वेद बरसे, शान्तिज सोमे वधे;
१ ९ ९ ४
शान्ति दो शुभ मास श्रावण विषे, शान्ति वदी पक्षमां,
शान्ति छे शुभ शान्ति तो नवमीमां, शान्ति शिवा वक्षमां ५

उपर १ ९ ९ ४ आंकडा छे तेथी संवत १९४९ नी साल समजवी.

સમાપ્ત.